# એક પતંગિયાને પાંખો આવી - ગુજરાતી નવલકથા.

## લેખક - વ્રજેશ દવે ‘વેદ’

વ્રજેશ દવે

ફોન અને whatsapp -0091 94260 41107

Email- dave.vrajesh@gmail.com

## પ્રકરણ 1

જૂન મહિનાના પહેલાં શુક્રવારની રાત્રે 16/17 વર્ષની બે આંખો પહેલી વખત અમદાવાદનાં રેલ્વે સ્ટેશનને જોઈ રહી હતી. નીરજાની આંખોમાં સપનાઓ હતા. તે સપનાઓને પૂરા કરવા તે નીકળી પડી હતી સેંકડો કિલોમીટર દૂરના, કદી ના જોયેલા પ્રદેશને મળવા

તેની સાથે હતી બીજી બે આંખો. એટલી જ ઉંમરની વ્યોમાની આંખો. નીરજાની ખાસ દોસ્ત વ્યોમા

આ ચાર આંખોએ પહેલી વાર રેલ્વે સ્ટેશન જોયું રેલ્વે ફાટક પાસે ઊભેલી પપ્પાની કારની બારીમાંથી અનેક વખત વહી જતી, દોડી જતી ટ્રેનને જોઈ છે. પણ ક્યારેય ન તો સ્ટેશન જોયું હતું કે ન તો ટ્રેનમાં મુસાફરી કરી હતી.

જ્યારે જ્યારે મુસાફરી કરી છે ત્યારે ત્યારે કાર કે પ્લેનમાં જ કરી છેબસ, આજ કારણે નીરજાએ જીદ પકડી હતી કે તે ટ્રેનમાં જ જશે અને તે પણ ખૂબ દૂર દૂર જતી ટ્રેનમાં, લાંબામાં લાંબા અંતરની ટ્રેનમાં. વ્યોમાએ નીરજાની જીદને ટેકો આપ્યો હતો એટલે જ તેઓ અત્યારે રેલ્વે સ્ટેશન પર હતા

રેલ્વે સ્ટેશનને જોઈને તેની આંખોમાં કૌતુક અને વિસ્મયના ભાવો આવી વસ્યા ફિલ્મોમાં ટ્રેનના અનેક દ્રશ્યો જોયા છે. પણ અહીં સ્વયમ સ્ટેશન પર હોવાનો અહેસાસ અનેરો હતોરોમાંચકારી હતો.

શુક્રવારની રાત્રે નવ વાગ્યે અમદાવાદ રેલ્વે સ્ટેશન પરના પ્લેટફોર્મ નંબર૩ પર ગાડી નંબર 15635, ઓખાથી ગૌહાટી જતી દ્વારકા એક્સપ્રેસ થોડી જ ક્ષણોમાં આવી પહોંચશે એવી ઉદઘોષણાથી બંનેના મનમાં ઉત્સાહની લહેર દોડી ગઈ

ટ્રેન આવશે. કલ્પનાની વાસ્તવિક યાત્રા શરૂ થશે. એક પડકાર ભરી, અજાણી, અનિશ્ચિત રાહ પર પ્રયાણ થશે. રસ્તામાં અનેક સંભાવનાઓ આવી મળશે આવા વિચારોથી બંને ખુશ હતી પણ, બંનેના માતાપિતાઓના ચહેરાઓ પર વ્યગ્રતા અને ચિંતાઓ ઊગી નીકળી હતી

ટ્રેનની સિટી વાગી. તે બંનેને આ અવાજ જરાય કર્કશ ન લાગ્યો, ઊલટું મુરલીધર શ્યામના હોઠેથી વાગતી બંસરીનો મધુર ધ્વનિ લાગ્યો રાસ રમવા માટે ગોપીઓને ઉશ્કેરતો અવાજ

ટ્રેન પ્લેટફોર્મ પર દાખલ થઈ ધીમી પડતી ગઈ, રોકાઈ ગઈ. સામે જ કોચ નંબર S/8 આવી ઊભો. નીરજાએ ફરીથી ટિકિટ તપાસીને પોતાની સીટ નંબરનીખાત્રી કરી લીધી

"મને પાકું યાદ છે, એસ/8 માં 23 અને 24 આપણી બર્થ છે. સાઈડની ઉપર અને નીચેની બર્થ" વ્યોમા ઉત્સાહભેર બોલી ગઈ.

"તને કેમ ખબર કે તે બર્થ સાઈડનીજ છે?" નીરજાએ સવાલ કર્યો.

"પૂરું હોમવર્ક કરીને આવી છું. ભલે યાત્રા ન કરી હોય, પણ જાણી બધું રાખ્યું છે."

"કોણે કહ્યું તને આ બધું?"

"હજુ તો આ શરૂઆત છે, નીરજા. ટ્રેનમાં પૂરા 58 કલાક આપણે યાત્રા કરીશું ત્યારે ગૌહાટી પહોંચીશું"

"હા યાર. પૂરા 58 કલાક ટ્રેનમાં ! કેવી મજા પડશે?"

બંને ચડી ગઈ ટ્રેનમાં. સામાનને સીટ નીચે ગોઠવી દીધો.

સામાનમાં વ્હીલ લાગેલી એક નાની બેગ અને પીઠ પર લટકાવી શકાય તેવી એકએક બેગ. ખાસ બીજું કાંઇ જ નહીં. તેઓએ ક્યાંક વાંચેલું કે 'less luggage, more comfort'

સામાન ગોઠવાઈ ગયો. સીટ પર બેઠક લેવાઈ ગઈ. વડીલોની અસંખ્ય સૂચનાઓ પણ અપાતી ગઈ. બંનેમાંથી કોઈએ ભાગ્યેજ તેમાંની એકાદ પણ સાંભળી હશે. છેલ્લા દસ દિવસથી આવી સૂચનાઓ સતત અપાતી રહી હતી. હવે તો એ બધી યાદ પણ રહી ગઈ હતી. અને એ પણ એ જ ક્રમમાં.

25 મિનિટનો હોલ્ટ ક્યારે પૂરો થઈ ગયો તેની ખબર ના રહી. સિગ્નલે પીળો રંગ છોડી લીલા રંગને ધારણ કરી લીધો. ટ્રેનની સિટી વાગી, માતા-પિતાના હ્રદયમાં એ ચીસ બનીને ખૂંચી ગઈ, તો બંને કિશોરીઓના મનમાં, વહેતા ઝરણાંના લયબદ્ધ અવાજની જેમ સંગીત રેલાવવા લાગી.

એક જ ઘટના કેવા જુદા જુદા અને વિરોધાભાસી ભાવોને જગાડી ગઈ. તેમાં ઘટનાનો શું વાંક? તે તો નિરપેક્ષ બનીને ઘટી ગઈ. તેને શું ખબર કે તેના ઘટવાથી કોના દિલમાં શું થશે?

ટ્રેન ગતિમાન થઈ. ચાલવા લાગી. ગતિ વધતી ગઈ. પરસ્પર હાથ હલાવી વિદાય આપી દીધી. કોઈએ હસીને તો કોઈએ ભારી મને. ટ્રેન આંખની સીમા બહાર નીકળી ગઈ, વ્યોમા અને નીરજા પણ.

********

થોડીવારમાં બંને ટ્રેનમાં સેટલ થઈ ગઇ. ટ્રેનના ડબ્બાની અંદરની એક એક વસ્તુથી આંખ પરિચિત થઈ ગઈ. સાથી યાત્રીઓએ સુવા માટેની તૈયારી કરી લીધી. લાઇટો બંધ થવા લાગી. કોરિડોરની ઝીણી લાઇટો અને બાથરૂમ પાસેની લાઇટો સિવાય તમામ બંધ થઈ ગઈ.

બધા જ સૂઈ ગયા. પણ આછા અજવાળામાં બંને જાગતી રહી. સપના ભરેલી આંખો, સપનાના રસ્તા પર જાગતી જાગતી યાત્રા કરવા લાગી. જે આંખમાં સપના ભરેલા હોય, ત્યાં નિંદ્રા ક્યાંથી હોય?

બંનેએ બારી બહાર જોવા માંડ્યુ. ખુલ્લી બારીમાંથી વહેતી ટ્રેનમાં પવન આવવા લાગ્યો. ગમવા લાગ્યો. બહાર ઘણું બધું ઝડપથી વહી જવા લાગ્યું.

આઠમનો ચંદ્રમા પોતાની ચાંદની પાથરી બેઠો હતો. ક્યાંય સુધી ચાંદનીમાં વહી જતાં આકારોને જોયા કર્યું. મૌન, બસ મૌન રહીને જ !

બહારનું અદભૂત વાતાવરણ તેઓને આકર્ષી રહ્યું હતું. જૂન મહિનાની ગરમીમાં, ચાંદની રાત્રે, ટ્રેનની બારીમાંથી વહેતો ઠંડો પવન શરીરને સ્પર્શતો હતો. યૌવન તરફ આગળ વધવા મથતું શરીર અજાણી લાગણીને અનુભવવા લાગ્યું.

પવનનો મૌન સ્પર્શ ! ગમવા લાગ્યું. મૌન બનીને માણવા લાગ્યા પવનના મૌન સ્પર્શને. કોઈ કાંઇ જ બોલવા નહોતા માંગતા. પાંપણને ઝુકાવવાની પણ ઈચ્છા ન હતી.

વાળની લટોને પવન ગાલ પર લહેરાવતો રહ્યો પણ તેઓને તેની પરવા ન હતી. બહાર પથરાયેલી ચાંદનીમાં સરકતી જતી ધરતી અને આકૃતિઓને જોતાં રહ્યા, માણતા રહ્યા.

ક્યાંય સુધી આમ જ જોયા કર્યું. ગાડીએ બ્રેક મારી. તાદાત્મ્ય ભંગ થયો, દ્રશ્ય ભંગ પણ. બંનેએ એકબીજા સામે નજર મિલાવી અને હસી પડી. ચહેરાઓ પર આનંદની અનુભૂતિ ઉપસી આવી.

બારી બહાર નજર કરી. નડિયાદ સ્ટેશન પર ટ્રેન આવી ગઈ હતી. જીંદગીની પહેલી ટ્રેન યાત્રાનું પહેલું સ્ટેશન. એક સુખદ ઘટનાનો આનંદ છવાઈ ગયો, બહાર વ્યાપેલી ચાંદનીની જેમ.

બહાર ચાંદની એમ જ પથરાયેલી હતી. તે પણ ઊભી રહી ગઈ, ટ્રેનની જેમ. નીચે ઉતરી ચાંદનીમાં નહાવાનું મન થઈ ગયું. ત્યાં તો ટ્રેન ચાલવા લાગી. ચાંદની પણ.

"વ્યોમા, આ ટ્રેનનો ડબ્બો ઉપરથી ખુલ્લો હોય તો કેવું સરસ!"

"કેમ?" વ્યોમાની નજર પ્રશ્નાર્થ લઈને આવી.

"આ બારીમાંથી તો કેટલી જોઈ શકાય, આ ચાંદનીને?"

"મતલબ?"

"આપણે તો આખે આખી ચાંદનીને માણવી છે, પણ આ બારી ખૂબ જ નાની છે. અને તેની બહાર જેટલી દેખાય છે, એટલી જ ચાંદની માણી શકાય છે. પણ જો ડબ્બો ઉપરથી ખુલ્લો હોત, તો ખુલ્લા ડબ્બાની કોઈ

સીટ પર બેસીને ખુલ્લા આકાશને જોઈ શકાત ચારે તરફ ફેલાયેલી ચાંદનીને જોઈ શકાત, પી શકાત, માણી શકાત”

“અત્યારે તો દોઢ બે ફૂટની બારીમાંથી દેખાતી ચાંદનીને માણવી પડે છે, એક નાના ટુકડામાં. એમ જ ને?”

“હા વ્યોમા, એમ જ. આ બધી સુંદર વાતો કે વસ્તુઓ કેમ નાના નાના ટુકડાઓમાંજ હોય છે? ખૂબ જ થોડો અહેસાસ થાય અને ગાયબ આવું કેમ છે, હેં વ્યોમા?”

“નાના નાના ટુકડાઓમાં જ હોય છે, થોડા સમય માટે જ હોય છે, આ સુંદરતા. અને હા, એટલે જ તો તે સુંદર છે. વિશેષ છે, કીમતી છે.” વ્યોમા જીવનની ફિલસૂફી વ્યકત કરવા લાગી

“એ બધી જ્ઞાનની વાતમાં મને રસ નથી“

“તો નીરજાને શેમાં રસ છે?”

“મને તો રસ છે, આ ટ્રેનના એક એવા ડબ્બામાં જેને ઉપર છત ન હોય ઉપરથી સાવ ખુલ્લો, ઘુંઘટ વિનાની સ્ત્રી જેવો હોય. ટ્રેન સાથે તે પણ વહે. રાત્રે ઠંડી હવામાં ખુલ્લા આકાશને જોઈ શકાય, ચાંદની હોય, તો ચાંદનીને અને ચાંદની ન હોય તો અંધકારના સામ્રાજ્યને ઢળતી સંધ્યાને, બપોરના તપતા સૂરજને, સૂર્યાસ્તની લાલીમાને, વહેલી સવારે ઊગતા સૂરજને, આકાશમાં દોડતા વાદળોને જોઈ શકાય, અનુભવી શકાય. વરસતા વરસાદમાં પલળી શકાય, twilight ને માણી શકાય. આંખના કેમેરાથી મન અને હૃદયના કેનવાસ પર ઉતારી શકાય.... અને એ બધુંય પૂરેપુરું ક્યાંય કોઈ કટ નહીં પૂર્ણ રૂપે, સંપૂર્ણ રૂપે” એક શ્વાસે બોલીને નીરજા જરા અટકી,” વહેતી ટ્રેનના ખુલ્લા ડબ્બામાં તું ઊભી હોય, તોફાની પવન તારા તનને સ્પર્શીને વહેતો હોય, તારી આંખ પર, તારા ગાલ પર તારી લટોને રમાડતો હોય, હાથમાં કોઈ મજાનું પુસ્તક હોય, કોઈ મધુર સંગીત વાગતું હોય...”

“ને બસ ટ્રેન ચાલતી રહેતી હોય..” અને બંને ખડખડાટ હસી પડ્યા સૂઈ ગયેલી ટ્રેનમાં તરુણીઓનું હાસ્ય આંટો મારીને ખુલ્લી બારી બહાર નીકળી ગયું વાતાવરણમાં ભળી ગયું.

17 નંબરની બર્થ પર સૂતેલા મુસાફરને એહાસ્ય કર્કશ લાગ્યું, તેનાથી ના રહેવાયું. તેણે જરા કડક અને રુક્ષ ભાષામાં કહ્યું,”યદિ આપ સોના નહીં ચાહતે હો તો આપકી મરજી પર દુસરોંકો સોને દો ટ્રેનકી ડીસીપ્લિનકો સમઝો. ઔર ચૂપચાપ રહો” કહીને તે ફરી નિંદ્રાધીન થઈ ગયો

બંને ચૂપ થઈ ગઈ. પણ એ તો થોડી વાર માટે જ ફરી હસી પડી, પણ આ વખતે કોઈને પણ ખબર ના પડે તેમ. એકબીજા સામે જોઇને હસી. ચારેય આંખોમાં આનંદ, કૌતુક, કુતૂહલ, વિસ્મય અને તાજગી તરવરતા હતા. તેમાં ક્યાંય નીંદરનો અવસર ન હતો

ફરી કોઈ પ્લૅટફૉર્મ દેખાયું ઓહ, આ તો વડોદરા. સમય ચકાસી લીધો. રાત્રિના 11.15 થયા હતા. ફોન વડે ઘેર વાત કરી લીધી અને બધું કુશળ છે, તેવો સંદેશ આપી દીધો. નીરજાએ નોંધ્યું કે મમ્મી નોર્મલ હતા, પણ પપ્પા હજુ પણ થોડા નારાજ લાગ્યા.

નીરજાને લાગ્યું કે તેણે પપ્પાની વાત માની લેવી જોઈતી હતી. જીદ ન કરી હોત તો ચાલત. વ્યોમાને પણ અંદરથી કશુંક ખૂંચવા લાગ્યું.

પણ... હવે તો સફર શરૂ કરી દીધી છે હવે કાંઇ પરત ના જવાય.. હવે તો મંઝીલ મેળવીને જ અટકવું છે.

બંનેના મનમાં કશુંક ચાલવા લાગ્યું. ટ્રેન પણ વડોદરા છોડીને ચાલવા લાગી. બંનેની આંખોમાં ફરી નવા ભાવ આવી ગયા. મૌન થઈ ગયા. સૂઈ જવાની તૈયારી કરવા લાગ્યા.

મનમાં વિચારો ચાલતા રહ્યા. ટ્રેન પણ ચાલતી રહી, રાત આખી. વિચારો અને ટ્રેનની દિશા એક જ હતી મંઝીલ તરફ.

ટ્રેનમાં યાત્રા શરૂ કરતાં પહેલાં કેટકેટલી ઘટનાઓ બની ગઈ? કેટલાય સંઘર્ષો જીતવા પડ્યા?



# પ્રકરણ 2

સવારના 5.46 મિનિટ. આ સમય બતાવી રહી હતી દીપેનના જમણા હાથ પર બંધાયેલી ઘડિયાળ બરોબર એક મિનિટ મોડો હતો તે સવારે 5.45 પર બેડરૂમમાંથી બહાર નીકળી જવું તે તેનો રોજનો ક્રમ હતો

આજે એક મિનિટ લેઇટ હોવાને કારણે તે ઉતાવળે બેડરૂમનો દરવાજો ખોલીને બહાર આવ્યો.ડ્રોઇંગ રૂમની લાઇટ ચાલુ હતી. સવારના ડ્રોઇંગ રૂમની લાઇટ હમેશા બંધ જ રહેતી તેને આશ્ચર્ય થયું.

આખા ઓરડાને પોતાની નજરમાં સમાવવા તેણે એક વિહંગ દ્રષ્ટિ કરી નીરજા રૂમમાં પહેલેથી જ હાજર હતી. બંનેની દ્રષ્ટિ એક બીજા પર પડી બંને માટે આ ક્ષણ ચોંકવાની હતી બંને ચોંકી ગયા બંને ન ધારેલું જોઈ રહ્યા હતા.

નીરજા જાણતી હતી કે તેના પપ્પા રોજ આ સમયે જ મોર્નિંગ વોક માટે નીકળે છે. ગઈ કાલે રાત્રે જ નીરજાએ નક્કી કરી લીધું હતું કે તે તેના પપ્પા જોડે મોર્નિંગ વોકમાં જશે. એથી જ તો તે ડ્રોઇંગ રૂમમાં આવી પપ્પાની રાહ જોતી હતી. પણ પપ્પાને જોઈને તે વિસ્મય પામી.

કારણ? બસ એટલું જ, કે દીપેનના કપડાં કોઈ પણ દ્રષ્ટિએ મોર્નિંગ વોકને અનુરૂપ ન હતા.સૂટ, ટાઈ અને મોબાઇલ સાથે તે ક્લબ હાઉસના ગાર્ડનમાં મોર્નિંગ વોક માટે જવા નીકળી રહ્યો હતો. નીરજાની કલ્પના વાદળમાંના પાણીની જેમ બાષ્પ બની ઊડી ગઈ. તેણે પપ્પા સામે પ્રશ્નાર્થ નજરે જોયું

દીપેન હજુ પણ નીરજાને આશ્ચર્યથી જોઈ રહ્યો હતો તેને નીરજાના મુખ પરની પ્રશ્નાર્થ મુદ્રા નજર ન આવી નીરજાને સમજાઈ ગયું કે દીપેને તેના મૌન પ્રશ્નને સાંભળ્યો નથી.

"પપ્પા, તમે તો મોર્નિંગ વોકમાં જઈ રહ્યા છો ને?" નીરજાએ પૂછી લીધું.

દીપેનની તંદ્રા તૂટી,"યસ, હું મોર્નિંગ વોકમાં જ જઇ રહ્યો છુ"

"પણ, આમ ઓફિસ સૂટમાં?"

“કેમ? હું તો દરરોજ આ રીતે જ જાઉં છું”

“નહીં. આમ નહીં ચાલે. સ્પોર્ટ્સ શુઝ, ટ્રેક પેંટ અને ટી શર્ટ પહેરી લો આ કપડાં જલ્દીથી બદલી લો. હું તમારી અહીં જ રાહ જાઉં છુ.“

“મતલબ? તું મારી સાથે મોર્નિંગ વોકમાં આવી રહી છે?”

“સ્યોર. ડેફીનીટલી.” આ શબ્દો દીપેનને ફરી આશ્ચર્ય આપી ગયા

નીરજા.

લગભગ 16/17 વર્ષની. દીપેનની એક માત્ર સંતાન. જૂનિયર કોલેજમાં ભણતી. બધાના આગ્રહની વિરૂધ્ધ તેણે સાયન્સને બદલે આર્ટ્સના વિષયો ભણવાનું પસંદ કર્યું હતું ભણવામાં ખૂબ જ આગળ રહેતી નીરજા, એક બાબતે ખૂબ જ પાછળ હતી-સવારે ઉઠવામાં ! આવી આળસુ છોકરી આજે સવાર સવારમાં જ દીપેનથી પણ વહેલી ઊઠીને મોર્નિંગ વોક માટે તૈયાર હતી મુખ પર કોઈ થાક કે કંટાળાને બદલે નવી જ તાજગી હતી.

સવારે 9/10 વાગ્યે પણ પરાણે ઉઠતી અને થાકેલી લાગતી નીરજા વહેલી પરોઢે તૈયાર થઈને પૂરા જોશમાં હોય, તે વાત દીપેન માટે અણધારી જ નહીં પણ આશ્ચર્યપૂર્ણ પણ હતી

દીપેન આજ પહેલેથી જ એક મિનિટ મોડો હતો અને ઉપરથી નીરજા સાથેના સંવાદને કારણે પૂરી સાડા છ મિનિટ વધુ મોડો પડી ગયો હતો મોડા પડવું એ તેનો સ્વભાવ નથી ઊલટું, મોડા પડતાં લોકો માટે તેને નફરત હતી. અને આજે તે પોતે જ મોડો પડી રહ્યો હતો નીરજા ને કારણે.

મનમાં અણગમો ઊગી ગયો પણ નીરજાના ચહેરાના પ્રેમાળ પણ આદેશાત્મક ભાવોને પારખીને તે તરત જ પોતાના બેડરૂમમાં ગયો.

નીરજા ખુશ થઈ. નીરજાની વાત દીપેન ભાગ્યે જ ટાળતો આજે પણ ન ટાળી શક્યો ત્રણ જ મિનિટમાં તે ટ્રેક સૂટ, ટી શર્ટ અને સ્પોર્ટ્સ શૂઝ માં તૈયાર થઈ ગયો કારની ચાવી લઈ તે ઝડપથી ઘર બહાર નીકળી ગયો. નીરજા પણ. નીરજાએ દીપેનના હાથમાંથી કારની ચાવી લઈ ખિસ્સામાં મૂકી દીધી બાઈકની ચાવી દીપેનને આપી.

દીપેન માટે આ પણ નવી વાત હતી. મોર્નિંગ વોકમાં બાઇક પર જવાનું? આટલાં વર્ષોથી ક્યારેય તે ક્લબ હાઉસમાં કાર સિવાય ગયો નથી. શરૂઆતમાં નાની કાર વાપરતો અને સમય જતાં કારની સાઇઝ વધતી ગઈ. પણ... બાઇક તો ક્યારેય નહીં.

છેલ્લે તેણે ક્યારે બાઇક ચલાવ્યું હશે? કશું જ યાદ ન આવ્યું. નીરજા પર તે ગુસ્સે થવા જતો હતો ત્યાં તો નીરજા તેને બાઇક સુધી હાથ પકડી દોરી ગઈ. આમંત્રણ આપી દીધું બાઇક ચલાવવાનું.

બાઇક પર બાપ-દીકરીની સવારી ક્લબ હાઉસ તરફ રવાના થઈગઈ. લગભગ 20 મિનિટની બાઇક રાઇડ દરમ્યાન બંનેમાથી કોઈ પણ કશું જ ન બોલ્યું.

બંને મૌન હતા. સવારની તાજગીમાં વહેતી હવાની લહેરોના સ્પર્શને બંને માણી રહ્યા હતા.

નવરાત્રિ હમણાં જ પૂરી થઈ હતી. આસો મહિનાની સવારમાં શિયાળાના ધીમા પગરવની આહટ સંભળાતી હતી. ઋતુઓનો સંક્રાતિ કાળ જેવુ લાગતું હતું. દૂર ક્ષિતિજમાં પણ અંધકાર અને ઉજાસના સંક્રાંતિ કાળ જેવુ આકાશ ચંચળ હતું, નીરજા જેવું જ.

સૂર્ય તેના આગમનની એંધાણી આપી રહ્યો હતો. આકાશ ક્યાંક ગાઢ ગુલાબી, તો ક્યાંક કાળા રંગોથી રંગાયેલું હતું. ક્યાંક બિલકુલ શૂધ્ધ વાદળી રંગ પથરાયેલો હતો. ક્ષિતિજ પર પરોઢના આછા અજવાળાનું સામ્રાજ્ય હતું.

નીરજા પણ એક નવા અજવાસ તરફ કદમ માંડી રહી હતી. બાળપણ અને મુગ્ધાવસ્થાને હંફાવી યૌવન ધસમસતું ટકોરા મારતું હતું. નવું વિશ્વ તેને લોભાવી રહ્યું હતું. વાતાવરણની સુગંધ તેને આકર્ષતી હતી. તેના મનમાં અનેક સવાલો થતાં. તેના જવાબો મેળવવા પ્રયાસ કરતી. અનેક વિકલ્પો તપાસતી. તેને કેટલાક જવાબો મળતા. કેટલાક પ્રશ્નો અનુત્તર રહેતા. કેટલીક વાતો સમજાતી. કેટલીક ન સમજાતી. સમજણની કાચી સીમાઓ તૂટી જતી. નવી સીમાઓ જન્મતી.

જે સમજાતું તે જાણી આનંદ થતો. નવા આશ્ચર્યો, નવા વિસ્મયો તેને ગમતા. તેના ચહેરા પર કૌતુક રમતિયાળ સ્થાન જમાવી પળવારમાં અદ્રશ્ય થઈ જતું. જાણે કોઈ હાથ પકડી, હાથ તાળી આપી જતું. નસોમાં નવું લોહી વહેવા લાગતું. ક્યારરેક લાગતું કે તે પોતાની જાતને ઓળખેછે, તો ક્યારેક તેને પોતાનો જ ચહેરો અજનબી લાગતો.

ગમે તેમ હોય, પણ તેને આ બધું ગમવા લાગ્યું હતું. પરિવર્તનનો પવન તેના શ્વાસમાં, નસમાં, ફેફસામાં, હ્રદયમાં અને મનના ઉંડા ખૂણાઓમાં ભીની સુગંધ બની પ્રસરી રહ્યો હતો

કશુંક નવું જાણવા, સમજવા, શિખવા અને કરવાનું હર ઘડી મન થતું. આ અનુભવવાની તેને મજા પડતી હતી. તે ઝંખતી હતી કે કોઈ તેની આ સ્થિતિમાં તેની જેમ જ અનુભવ કરે સાથ આપે. તેને એક દોસ્તની જરૂરત લાગવા માંડી. એવો દોસ્ત કે જેના સાનિંધ્યમાં તે ખીલી શકે સલામત રહી શકે. એવો દોસ્ત કે જે તેને સમજે, સાંભળે, વહાલ કરે.

કદાચ દરેક દીકરી માટે બાપ જ તેનો પહેલો દોસ્ત હોતો હશેદિપેનમાં તેને એવો જ દોસ્ત દેખાવા લાગ્યો એટલે જ તો આજે તેના એ અજાણ્યા આનંદમાં તેણે દીપેનને શામેલ કરવાનો પ્રયાસ કર્યો

દીપેન માટે આજની સવાર રોજ કરતાં અલગ હતી રોજ કારની બારીના બંધ કાચની અંદર ઘરથી ક્લબ સુધી ચાલતી સવારની યાત્રામાં, ક્યારેય બહારના વાતાવરણનો પવન દીપેનને સ્પર્શયો ન હતો. ગમે તેટલી ગરમી, ઠંડી કે વરસાદ હોય, પણ દીપેનની એર કન્ડિશંડ કારમાંનું વાતાવરણ એકસરખું જ રહેતું

આજે હવાના નવા રૂપ, રંગ અને સ્પર્શનો અનુભવ તેના મન, શરીર અને હ્રદયને યાદ અપાવવા લાગ્યો, તેના લગ્ન પછીના શરૂઆતના વર્ષોની.

જયા સાથે આમ જ સવારના ગાર્ડનમાં વોક કરવા નીકળી પડતો, બાઇક પર.

ગાર્ડન ! શહેરના તમામ ગાર્ડન તેને આજે યાદ આવી ગયા રોજ રોજ નવા ગાર્ડનમાં ચાલવા જવાનો મૂળ આઇડિયા પત્ની જયાનો. તેના આ આઇડિયાને માન આપતો હોય તેમ તે બની જતો બાઇક નો ડ્રાઇવર શ્રીમતીજી ના હુકમ પ્રમાણે ડાબે-જમણે-ડાબે એમ કરતાં રોજ નવા ગાર્ડનમાં પહોંચી જતો

પણ, છેલ્લા ઘણા સમયથી તે ગાર્ડનને બદલે ક્લબ હાઉસ માં જ જતો, એ પણ એકલો જ.

બાઇક પર નીરજાને લઈને, અત્યારે પણ તે પહોંચી ગયો ક્લબ હાઉસના ગેટ પર.

ક્લબ હાઉસમાં કોઈ બાઇક પર નહોતું આવતું.બધા કારમાં જ આવતા. ગેટકીપર કારના નંબર પરથી ઓળખી જતો કે બંધ કાચની અંદર કોણ બેઠું છે. તે તરત જ દરવાજો ખોલી નાંખતો

ગેટકીપરે તેને રોક્યો. એક તો બાઇક પર સવાર અને બીજું સૂટ બૂટ ને બદલે સ્પોર્ટ્સ ડ્રેસમાં હતો તે. તેણે દીપેનને ન ઓળખ્યો. દીપેન માટે આ નવાઈની વાત હતી. તેની આંખમાં ગૂસ્સો પ્રવેશે તે પહેલાં નીરજાની

આંખના ઇશારાએ બાજી સંભાળી લીધી દીપેનને સમજાઈ ગયું કે દરવાને તેને ક્યારેય આ રીતે જોયો જ ન હોય, તો ક્યાંથી ઓળખે?

થોડી વારે દરવાને બંનેને અંદર જવા દીધા નીરજા પહેલી વાર ક્લબ હાઉસમાં સવારસવારમાં પ્રવેશી.

એક તરફ મોટો હૉલ બધા ત્યાં ભેગા મળતા બીજી તરફ ખુલ્લો, લીલોછમ્મ ટ્રેક.

નીરજાએ ટ્રેક પર નજર નાંખી ઘણા બધા લોકો હતા. પોતપોતાના ક્રમ પ્રમાણે તેઓ ચાલતા, દોડતા કે જોગિંગ કરતાં હતા.

આજે મોડુ થયું હતું એટ્લે નીરજાનેલઈને દીપેન સીધો જ ટ્રેક પર આવી ગયો નીરજા અને દીપેન ઘડિયાળના કાંટાની દિશામાં ટ્રેક પર ચાલવા લાગ્યા તે ચાલતી રહી અને આસપાસના વાતવરણને નિહાળતી રહી, તેને સમજવાની ચેષ્ટા કરતી રહી.

સુરજ ઉગવાની તૈયારીમાં જ હતો. અનેક ઘટાદાર વૃક્ષો આસપાસ હતા જે પોતાના બાહુ ફેલાવીસૂરજને પડકારતા હતા- અમને વીંધીને તારા પ્રકાશને ધરતી પર પહોંચાડી તો જો! સુરજ રોજ હારી જતો આ ઘેઘૂર વૃક્ષોની સામે.

ટ્રેક પર અસંખ્ય લોકો વહી રહ્યા હતા તે પણ લોકો જોડે તેના લયમાં લય મિલાવી ચાલવા લાગી એક આખો રાઉન્ડ તેણે પૂરો કરી લીધો તેને મજા પડી હવે તે લોકોને જોવા લાગી તેને અચરજ થયું. આખા એક રાઉન્ડમાં ટ્રેક પર તેને કોઈ સામે ના મળ્યું

આવું કેમ? તેને તરત જ ખ્યાલ આવી ગયો કે ચાલનાર દરેક જણclock-wise જ ચાલી રહ્યું છે. બધા એક જ દિશામાં ચાલી રહ્યા છે. તેને કશુક અજુગતું લાગ્યું "પપ્પા, કેમ બધા એક જ દિશામાં ચાલી રહ્યા છે?"

"ક્લબ હાઉસનો નિયમ છે, કે બધાએ એક જ દિશામાં ચાલવું Cloc-kwise દિશામાં."

"કેમ એવો નિયમ છે?"

"ખબર નથી, પણ ઘણા વર્ષોથી આમ જ ચાલે છે."

"ધારોકે, કોઈ anti clock દિશામાં ચાલે તો શું થાય?"

"મને ખબર નથી. પણ કોઈએ એવું કર્યું હોયએવું યાદ પણ નથી."

"તો ચાલો આપણે કરીએ." નીરજા નટખટ બની ગઈ.

“શું?”

“ઉલ્ટી દિશામાં વોકિંગ”

“નીરજા, તું અહીંના કોઈ નિયમોને તોડવાની કોશિશ ના..”

“પણ…”

“તું તારે વોક કર ને” દીપેન બોલતો રહ્યો, પણ નીરજા આજે પોતાની જ ધૂનમાં હતી. સવારથી જ અલગ રંગ તેના મૂડમાં હતો. તેણે દીપેનની વાત ના સાંભળી. ચાલવા લાગી, બધાથી ઉલ્ટી દિશામાં.

એકમાત્ર તે જ ઉલ્ટી દિશામાં ચાલી રહી હતી. બાકી બધા તેને જોઈ રહ્યા હતા. કોઈક આશ્ચર્યથી, કોઈક અણગમાથી, તો કોઈ ગૂસ્સાથી !

પરંતુ નીરજાને ક્યાં કોઇની પરવા હતી? તે તો બસ ચાલતી જ રહી. લોકોના ચહેરા પરના બદલાતા ભાવોને તે જોવા લાગી. હવે થોડો ગણગણાટ પણ થવા લાગ્યો. મનના ગુસ્સાને શબ્દો વડે બહાર લાવવા પ્રયાસ થવા લાગ્યો.

અંતે મિસ્ટર બક્ષીથી ના રહેવાયું,”એય છોકરી. શું નામ છે તારું? આમ ઉલ્ટી કેમ ચાલે છે? તારા આમ ચાલવાથી બધાને તકલીફ થાય છે. અ..ર..રે, આ છોકરીને અહીં અંદર કોણે આવવા દીધી?” તે લગભગ બરાડી ઉઠ્યા.

મિસ્ટર બક્ષીનાં શબ્દોએ બધાનું ધ્યાન નીરજા તરફ ખેંચ્યું. બધા સ્તબ્ધ બની ગયા. નીરજાએ બધા તરફ નજર કરી. બધાની નજર તેને જ તાકી રહી હતી. બધાની આંખોમાં શૂન્યતા વ્યાપેલી હતી.

નીરજા બધાના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ.

મિસ્ટર ભગીરથ બક્ષી એટલે ક્લબનું એક એવું વ્યક્તિત્વ, કે જેની સામે કોઈ પણ સભ્યની બોલવાની હિમ્મત જ ન ચાલે. ધાક એવી, કે લોકો તેના શબ્દોને વિના વિરોધે સ્વીકારી લે. તેની સામે આંખ મિલાવવી, એ પણ સાહસનું કામ ગણાય.

નીરજાને એ વાતની ક્યાંથી ખબર? તે તો નિર્દોષ અને મીઠું સ્મિત લઈને મિસ્ટર બક્ષીને જોઈ રહી હતી. મિસ્ટર બક્ષીનાં ગુસ્સાને જોઈને તેના ચહેરા પરનું સ્મિત રમતિયાળ બની ગયું. તે હસતી રહી.

મી. બક્ષી અકળાઈ ગયા. બક્ષીનાં સત્તાવાહી અવાજની કોઈ જ અસર નીરજા પર નહોતી થઈ રહી. તે હસતી જ રહી. મિસ્ટર બક્ષી ફરીથી બરાડી ઉઠ્યા,”એય છોકરી, ક્લબના નિયમોને તોડનાર તું છે કોણ?”

“હું? હું નીરજા. નીરજા દીપેન જોશી” એ જ રમતિયાળ સ્મિત હોઠો પર રમતું રહ્યું.

સૌની નજર દીપેનને શોધવા લાગી. દીપેન એક ખૂણે ઉભો રહી સમગ્ર તમાશો જોઈ રહ્યો હતો.નીરજા અને દીપેનની નજરો મળી. નીરજાએ ઈશારાથી જ સમજાવી દીધું કે બધું બરાબર છે. દીપેનને નીરજાની આંખોમાં આત્મવિશ્વાસ દેખાયો અને ખાત્રી થઈ ગઈ કે તે સમગ્ર વાતને સંભાળી શકશે તે ચૂપચાપ ઊભો રહ્યો.

"સર, હું જાણી શકું, કે મેં શો અપરાધ કર્યો છે? તમે શા માટે આટલા ગુસ્સે થાઓ છો?" નીરજાએ સહજ સવાલ કર્યો.

"આ ટ્રેક પર સૌ લેફ્ટ સાઇડ ચાલે છે જે અહીંનો નિયમ છે. તે નિયમને તોડી, તું કેમ ઉલ્ટી દિશામાં ચાલે છે?"

"સર, જો તમે ધ્યાનથી જોશો તો જણાશે, કે હું પણ ટ્રેકની લેફ્ટ સાઇડ જ છું"

"પણ,...તું તો ..."

"જો તમે મારી જગ્યાએ ઊભા રહેશો તો તમે પણ ટ્રેકની લેફ્ટ સાઇડ જ હશો, ટ્રાઈ કરી જુઓ"

"ના, એવું તો નથી ...."

" હા, એવું જ છે. માત્ર દ્રષ્ટિકોણ બદલી જુઓ નજરનો તો આ ભેદ છે સર."

"એટલે?"

"આ વોકિંગ ટ્રેક છે, કે ટ્રાફિક રોડ?"

"કેમ? ટ્રેક જ છે."

"તો પછી ટ્રાફિકના નિયમની જેમ લેફ્ટ સાઇડ ચાલવાનો જ નિયમ બાગમાં કેમ? એ તો વાહનોને લાગુ પડે રોડ પર. તમે તો તેને અહીં પણ લાગુ કરી દીધો અને એ પણ આ જીવતા જાગતા માણસો પર!"

"નીરજા, તું બહુ બોલે છે." મિસ્ટર બક્ષી ગુસ્સે થઈ ગયા

"બસ, એ નિયમ પાછળનો તર્ક સમજાવી દો, જો તર્ક વ્યાજબી હશે તો હું પણ નિયમોને માનીશ બોલો છે મંજૂર?" નીરજાએ પડકાર ફેંક્યો

"અમે વર્ષોથી આ નિયમોને અનુસરીએ છીએ" મિસ્ટર બક્ષીની દલીલો ખૂટવા લાગી

“કોઈ વાત વર્ષોથી ચાલી આવતી હોય, તેથી શું તેને આંખ અને મગજ બંધ કરી અનુસર્યા કરવું” તે બાકી લોકો તરફ ફરી“આપ સૌમાંથી કોઈ બતાવી શકશે, આવા નિયમનો તર્ક?” બધી નજરો નીચી ઢળી ગઈ. લોકોના મૌનમાં નીરજાને જવાબ મળી ગયો

“સર, માફ કરજો. અહીં સૌ સવારની તાજગી લેવા આવે છે. અહીં તો તેઓને મુક્ત શ્વાસ લેવા દો જડ નિયમો અને બંધનો …” તે મિસ્ટર બક્ષી તરફ ફરી પણ મિસ્ટર બક્ષી વચ્ચે જ બોલી ઉઠ્યા“નિયમો અને બંધનો વિશે વાત કરવા માટે તું હજુ નાની છે.”

“નિયમો જો અર્થ વિનાનાં હોય, તો તે બોજ બની જાય છે. તેને તોડવામાં કોઈ વાંધો નથી” નીરજા ખડખડાટ હસી પડી

મિસ્ટર બક્ષી માટે આ ક્ષણ અસહ્ય હતી કોઈ એક છોકરી તેના શબ્દો અને તર્ક વડે તેને હરાવી દેશે એવી કલ્પના પણ નહોતી કરી હવે દલીલો માટે કોઈ અવકાશ જ નથી એ તેને સમજાઈ ગયું. તે મૌન બની ગયા.

“ડગલે ને પગલે નિયમોથી બંધાયેલા માણસને અહીં તો ખુલ્લો શ્વાસ લેવા દો, પ્લીઝ.” તેણે મિસ્ટર બક્ષીને હાથ જોડી વિનંતી કરી.

મિસ્ટર બક્ષીએ તક ઝડપી લીધી હમેંશા કડક રહેતા ચહેરા પર ખડખડાટ હાસ્ય લાવી દીધું

તંગ વાતાવરણ અચાનક જ કૂદરતી બની ગયું ક્ષિતિજમાં સૂરજ વાદળોને વિંધીને બહાર આવી ગયો

“થેન્ક યૂ, સર.” નીરજા અને દીપેન ઝડપભેર ઘર તરફ જવા લાગ્યા

ક્લબથી ઘર સુધીનો રસ્તો ફરી મૌન! સવારે ઘરથી ક્લબ સુધીના રસ્તા પરનું મૌન બોજરૂપ હતું જ્યારે આ મૌનમાં મીઠી મૂંઝવણ હતી.

નીરજાના છેલ્લા દોઢેક કલાકના વર્તનને અને સવારથી બની રહેલી ઘટનાઓને સમજવાની મૂંઝવણ હતી દીપેનને.

તો નવી નવી આવી રહેલી પાંખોને સમજવાની મૂંઝવણ હતી, નીરજાને.

દૂર કોઈ પંખીએ પાંખો ફફડાવી કોઈ ફૂલ પર પતંગિયુ જઇ બેઠું એક હળવો પવન શરીરને સ્પર્શી ગયો આ પવન જરા અજાણ્યો લાગ્યો, પણ ગમવા લાગ્યો.

દીપેને બાઇકને બ્રેક મારી ઘર આવી ગયું.



## પ્રકરણ 3

નીરજાને સ્કૂલ માટે, તો દીપેનને ઓફિસ માટે હજુ વાર હતી દીપેનના મનમાં અજંપો હતો કે આ સમયમાં નીરજા વળી કાંઈક નવું કરશે તો?

નીરજાએ કાંઈ જ ના કર્યું. સમય પર નીરજા અને દીપેન જતાં રહ્યા

આવડા મોટા ઘરમાં જયા એકલી જ રહી ગઈ એ તો રોજનું હતું. પણ આજ જરા અલગ વાત હતી નીરજાના આજના બદલાયેલા વર્તન વિશે દીપેને જયાને બધી જ વાત કરી હતી અને એટલે જ તે ચિંતન મગ્ન બની ગઈ.

વર્ષોથી બનતું આવ્યું છે, કે જ્યારે જયારે દીપેન કોઈ નવી વાત જાણે કે કોઈ નવા વિષય પર ચિંતા કે ચિંતન કરે, ત્યારે ત્યારે તેને સમજવાની અને તેનો હલ શોધવાની જવાબદારી જાણે જયાની હોય તેમ, તે પોતાના મનની વાત જયાને કહી દેતો અને કામ પર જતો રહેતો

જયા, ઘરમાં બેઠી એકલી એકલી તે વાતનું વિશ્લેષણ કરે, તેના પડળો ઉખાળે અને ઉકેલી પણ દે!

આજે પણ તે વિચારવા લાગી. તેનું આમ વિચારવું એ ઇતિહાસના પાઠ ભણવા જેવુ તેને લાગ્યું ઈતિહાસમાં યુદ્ધો કોઈ કરે, કોઈ જીતે તો કોઈ હારે પણ એ યુદ્ધો શા માટે થયા, કોણ જીત્યું કોણ હાર્યું શું કામ હાર્યું, કોણે કેવા કેવા કાવાદાવા કર્યા, તેની શી અસરો થઈ વગેરે વગેરે ભણવાનું તો બિચારા વિધ્યાર્થીઓના માથે આવે, કે જેણે ક્યારેય ભાઈબંધો જોડે પણ યુદ્ધ ના કર્યું હોય

વિચિત્રતા પાછી કેવી કે ઈતિહાસમાં યૂદ્ધો ભણાવાય અને શિખામણ અપાય કેસારા નાગરિકોએ શાંતિ જાળવવી જોઈએ. વિધ્યાર્થી કન્ફ્યુઝ ના થાય તો જ નવાઈ.

જયા પણ આમ જ કન્ફ્યુઝ થઈ ગઈ. ‘કારસ્તાન બાપ-દીકરી કરી આવે, અને તેના પર ચિંતન અને ચિંતા મારે કરવાની?’

ઇતિહાસ ભણતા વિધ્યાર્થિની જેમ તે પણ બળવો ના કરી શકી પોતાના ભાગે આવેલ ચિંતનમાં તેણે મન પરોવ્યું.

ચિંતનમાં જ કયારે સાંજ આવીને બારીમાં ડોકાવા લાગી તે પણ ધ્યાન ના રહ્યું. ઢળી ગયેલ સુરજ તરફ તેની નજર ગઈ. આકાશમાં ધીમે ધીમે લુપ્ત થતું જતું અજવાળું અને જન્મ લેતો અંધકાર તેને ગમી ગયા મિલનની એક અદભૂત ક્ષણ તેણે જોઈ. સંક્રાંતિની ક્ષણ. ટ્વીલાઇટની ક્ષણ. તેને એ ક્ષણ સ્પર્શી ગઈ. તેની આંખમાં ચમક આવી ગઈ. સમગ્ર ચિંતનનો તેને જવાબ જડી ગયો ખુશ થઈ ગઈ.

ક્ષિતિજ પર ઢળતા સૂરજની ફેલાયેલી લાલીમાને તે ક્યાંય સુધી જોતી ઊભી રહી ઘણા લાંબા સમય બાદ તેણે ધરતી પર ઉતરી આવતા રાત્રિના આગમનને નિહાળ્યું હતું અપલક.

ઘરની ડોરબેલના અવાજે તેની નજર અને ક્ષિતિજ વચ્ચેના સેતુને તોડ્યો

તે નીરજા હતી. તેના આવતાં જ તેના હોવાનો અહેસાસ સમગ્ર વાતાવરણમાં ફેલાઈ ગયો દીપેન પણ આવી ગયો. જમીને સૌ પોતપોતાના રૂમમાં ગોઠવાઈ ગયા.

દીપેનની આંખમાં રમતા સવાલને જોઈ જયાને સમજાઈ ગયું કે તેની ઉત્કંઠા તિવ્ર બની છે

જયાએ જ શરૂઆત કરી,"દીપેન, તને યાદ છે? આપણે ઢળતી સાંજને જોયા કરતાં, થોડી વારમાં તો અજવાળું ભાગી જતું, અંધારું ફેલાઈ જતું!"

"હા યાર, કેવી અદભૂત હતી એ અસંખ્ય સાંજ?"

"અને એના સંકેતો પણ કેવા અદભૂત! બસ, એ સંકેતો ઉકેલવા પડે. અને.. એક વાર જો એ સંકેતો ઉકેલાઈ જાય, સમજાઇ જાય તો પછી મજા પડી જાય"

દીપેનને સમજાઈ ગયું કે હવે જયા જે વાત કરશે તે ખૂબ જ મહત્વની હશે તેમાં ઘણા સંકેતો હશે. જ્યારે જ્યારે કોઈ ગંભીર અને મહત્વની વાત કરવાની હોય ત્યારે ત્યારે તે આમ જ સરળતાથી શરૂઆત કરે કોઈ મજાનું દ્રશ્ય ઊભું કરે અને તેને આધારે ગંભીર વાત સમજાવી દેય જાણે પહાડ પરથી સહજ રીતે સરકી જતું ઝરણું ! કોઈ ઘોંઘાટ નહીં ને તોય વહેતું રહે

દીપેનને તેની આ અદા પસંદ હતી તે ગોઠવાઈ ગયો જયાની બાજુમાં, "તો ચાલ, પેલા સંકેતોને ઉકેલવા લાગીએ."

"સંધ્યા સમયે જ્યારે સુરજ ડૂબે છે, એટલે કે તે તેનું સ્થાન બદલે છે ત્યારે સમય બદલાય છે. અજવાળાને સ્થાને અંધારું આવે છે. એ એક એવી સ્થિતિ હોય છે જ્યાં પરીવર્તન પગરવ માંડે છે."

"હા. બરાબર છે. તો?" દીપેન વાત સમજવાની કોશિશ કરવા લાગ્યો

“પરિવર્તન કોઈ અચાનક કે એક જ ક્ષણમાં નથી થઈ જતુંએક સ્થિતિથી બીજી સ્થિતિમાં જતાં પહેલાં અમુક ક્ષણો એવી આવે છે જ્યારે વિતનારું હજુ વીત્યું નથી હોતું અને આવનારૂં હજી આવ્યું નથી હોતું

“સંક્રાંતિની, ટ્વીલાઇટની ક્ષણોની તું વાત કરે છે?”

“હા, દીપેન.”

“ઓ. કે. તો?”

“16-17 વર્ષની ઉમર એટ્લે ટ્વીલાઇટ વાળી સ્થિતિ“

“તું નીરજાની વાત કરે છે”

“હા. તેનું બાળપણ વિદાય લઈ રહ્યું છે, તો યૌવન હજુ વેંત છેટું છે. તે ના તો બાળક છે કે ના તો પરિપક્વ યુવાન.”

“મતલબ. Teenage ! ઓહ, યસ.”

“આ સમયે તેના તન-મનમાં, વાણી-વર્તનમાં ઘણા ફેરફારો થતાં હોય છે. નવા વિચારો તેને આકર્ષે છે. નવું જોમ અને જોશ છલકાય છે. તેને લાગે છે કે તેનામાં એવી બધી જ આવડત અને શક્તિ છે, ક્ષમતા છે, જેના વડે તે તમામ કાર્ય કરી શકે છે.” જયા હવે મૂળ વાત પર આવી રહી હતી.તેણે દીપેનની આંખમાં આંખ પરોવી ઊંડો શ્વાસ લીધો,” તેને કશુક નક્કર, નવું કરવું હોય છે. તે માટે તે કોઇની કંપની ઝંખે છે નવા દોસ્તો બનાવવા, નવી વાતો કરવી, નવું કાર્ય કરવું, વગેરે બધું જ તેને કરવાની ઇચ્છા થતી હોય છે તે એવી વ્યક્તિને શોધે છે જે તેને સમજે, સાથ આપે, દિશા આપે, સપોર્ટ કરે, પીઠ થાબડે અને જ્યારે થાકી જાય, હારી જાય ત્યારે તેના પાલવમાં મોઢું દબાવીને નિરાંતે રડી શકે”

“એવું કોણ હોઇ શકે?”

“સૌ પ્રથમ તો તે પોતાની આસપાસ જ એવી વ્યક્તિની શોધ કરશે અને દરેક દીકરી માટે તેનો બાપ જ પહેલો હીરો હોય છે. જેને તે ચાહે છે. તે તેનો આદર્શ હોય છે. અને જ્યારે તેનો બાપ તેની અપેક્ષાઓમાં નિષ્ફળ જાય ત્યારે જ તે બીજા હીરોની તલાશમાં કદમ ઉઠાવે છે”

“વાહ. જયા, તારી વાતમાં દમ છે.”

“હા, દીપેન. આપણી નીરજા માટે પણ તેનો પિતા એટલે કે તું તેનો પહેલો હીરો છે, આદર્શ છે.”

“ઓહ, એમ વાત છે? એટલે.. આજે સવારે તે મારી સાથે જોડાઈ ગઈ!”

“હા દીપેન.”

## Thank You for previewing this eBook

You can read the full version of this eBook in different formats:

- HTML (Free /Available to everyone)
- PDF / TXT (Available to V.I.P. members. Free Standard members can access up to 5 PDF/TXT eBooks per month each month)
- Epub & Mobipocket (Exclusive to V.I.P. members)

To download this full book, simply select the format you desire below

Free-Ebooks.net